આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની તમામ યોજનાઓ હેઠળ આપવામાં આવતી દુધાળા પશુ સહાયની યુનિટ કોસ્ટમાં સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ નિયત કરેલ યુનિટ કોસ્ટ મુજબનો વધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ હપય/૧૫૨૦૨૨/૪૪૫/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૯/૧૦/૨૦૨૨

**વંચાણે લીધા :-**

૧) નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીનો તા.૦૨/૦૮/૨૦૨૨ નો પત્ર ક્રમાંકઃઆવિ/અદમ/ફા.નં.૮૮૦ /૨૦૨૨/૨૪૪

૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંકઃVKY-2021-849-N.1-05-P

**પ્રસ્તાવના:**

આદિજાતિ વિકાસ વિભાગની સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ વંચાણે લીધા(૨) સામેના આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૨ ના ઠરાવથી દુધાળા પશુ સહાયની યુનિટ કોસ્ટમાં **રૂ.૫૪,૪૦૦/- થી વધારો કરી નીચે મુજબ રૂ.૭૦,૦૦૦/- કરવામાં આવેલ છે.**

| ક્રમ | યુનિટ દીઠ કિંમત(રૂ.) | લોન રૂ. | ભારત સરકારની સબસીડી રૂ. | રાજ્ય સરકારની સહાય (રૂ.) | લાભાર્થી ફાળો રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૭૦,૦૦૦/- | ૨૨,૫૦૦/- | ૨૨,૫૦૦/- | ૨૨,૫૦૦/- | ૨,૫૦૦/- |

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અન્ય યોજનાઓ જેવી કે, (૧) આદિમજૂથ લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધા યોજના હેઠળ આપવામાં આવતી દુધાળા પશુ સહાય (૨) હળપતિ જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધા યોજના હેઠળ આપવામાં આવતી દુધાળા પશુ સહાય તથા (૩) આદિમજૂથોના વિકાસ માટે સી.સી.ડી. પ્રોજેક્ટ (૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત)દુધાળા પશુ સહાય તથા બોર્ડર વિલેજના ગામો માટે પાયાની સુવિધા, ન્યુ ગુજરાત પેટર્ન વગેરે યોજનાઓ હેઠળ સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ નિયત કરેલ યુનિટ કોસ્ટ મુજબ સહાય આપવામાં આવે છે. આથી, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની તમામ યોજનાઓમાં દુધાળા પશુની

યુનિટ કોસ્ટ સમાનતા જળવાય તે હેતુથી ઉક્ત યોજનાઓ હેઠળ આપવામાં આવતી દુધાળા પશુ સહાય માટે પણ સંકલિત ડેરી વિકાસ યોજના મુજબની યુનિટ કોસ્ટ વધારો કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાના અંતે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની તમામ યોજનાઓમાં દુધાળા પશુની યુનિટ કોસ્ટ સમાનતા જળવાય તે હેતુથી ઉક્ત યોજનાઓ હેઠળ આપવામાં આવતી દુધાળા પશુ સહાય માટે પણ સંકલિત ડેરી વિકાસ યોજના મુજબની યુનિટ કોસ્ટમાં **રૂ.૫૪,૪૦૦/- થી વધારો કરી રૂ.૭૦,૦૦૦/- નિયત કરવામાં** આવે છે.

ઉક્ત યોજનાઓ પૈકી **આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ** માટે પાયાની સુવિધા યોજના તેમજ સી.સી.ડી. પ્રોજેક્ટ હેઠળ આપવામાં આવતી દુધાળા પશુ સહાય યોજનામાં આદિમજૂથના લોકોની આર્થિક સ્થિતિ અતિ પછાત હોઇ, **નીચે મુજબના સહાયના દર નિયત કરવામાં આવે છે.**

| ક્રમ | યુનિટ દીઠ કિંમત(રૂ.) | સહાયની રકમ રૂ. | લાભાર્થી ફાળો રૂ. |
|---|---|---|---|
| ૧ | ૭૦,૦૦૦/- | ૬૭,૫૦૦/- | ૨,૫૦૦/- |

**તેમજ હળપતિ જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધા યોજના, ન્યુ ગુજરાત પેટર્ન, બોર્ડર વિલેજના કામો માટે પાયાની સુવીધા તથા અન્ય યોજનાઓ હેઠળ** આપવામાં આવતી દુધાળા પશુ સહાય યોજનામાં નીચે મુજબના સહાયના દર નિયત કરવામાં આવે છે. લોન તરીકેનો કોમ્પોનેન્ટ ગુજરાત આદિજાતિ નિગમ મારફતે, બેંક મારફતે અથવા અન્ય કોઇ સહકારી મંડળી મારફતે લઇ શકાશે.

| ક્રમ | યુનિટ દીઠ કિંમત(રૂ.) | સહાયની રકમ રૂ. | લોન રૂ. | લાભાર્થી ફાળો રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૭૦,૦૦૦/- | ૪૫,૦૦૦/- | ૨૨,૫૦૦/- | ૨,૫૦૦/- |

**શરતો:**

૧) પારદર્શક પ્રક્રીયા અનુસરી લાભાર્થીઓની પસંદગી કરવાની રહેશે.

૨) નાણાકીય સહાય DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

૩) આ યોજનાઓ માટે નિયત થયેલ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪) ભારત સરકાર દ્વારા પ્રતિ લાભાર્થી રૂ.૨૨,૫૦૦/-ની સબસીડી આપવા અંગેની સંમતિ મળેથી જ વધારાની સહાય મંજુર કરી શકાશે.

૫) તેમજ આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:VKY-2021-849-N.1-

05-P ની અન્ય તમામ શરતોનું પાલન કરવાનુ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૧/૧૦/૨૦૨૨ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

J.D.Dam

(જે.ડી.ડામોર)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ) સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આ.વિ), બિરસામુંડા ભવન, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી(નિયામકશ્રી (આ.વિ) મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (નિયામકશ્રી (આ.વિ) મારફતે)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી (આ.વિ) મારફતે)
- નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં.૧૪/૨, માળ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.
- ના.સે.અ.શ્રી સિલેકટ ફાઈલ.

"D:\Kuldipsinh 2021\Hukam\HPY-152022-445-G unit cost payani suvidha tharav.docx"